## રાજ્યના સ્મશાનગૃહોમાં સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવાની સહાય યોજના

હિંદુ પરંપરામાં મનુષ્યના મૃત્યુ પછી કરાતા અગ્નિસંસ્કાર વિધિ માટે સારી એવી સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવે છે. સુધારેલ સ્મશાનભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ વપરાતા લાકડામાં આશરે ૪૦ થી ૫૦ ટકા જેટલી બચત થઈ શકે છે.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા ગામના પાકા બાંધકામ કરાયેલ સ્મશાનમાં ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવા માટે ઈચ્છુક ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકા પાસેથી અરજી મંગાવવામાં આવે છે. આપની અરજી ૩૧ ઓકટોબર,૨૦૧૬ સુધીમાં જેડા કાર્યાલયમાં પહોંચતી કરવી. લક્ષ્યાંક મર્યાદિત (૩૫૦ નંગ) હોઈ **વહેલા તે પહેલા ધોરણે** ફાળવણી કરાશે.

**ધ્યાન રહે એક સ્માશાનભઠ્ઠી દીઠ એક અરજી-પત્રક ભરવું ફરજિયાત છે.**

ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકાના પત્ર સાથે અરજીમાં નીચેની વિગતો આપવી:

૧. ગામનું નામ: --------------, તાલુકો:------------, જિલ્લો:-------

૨. સુધારેલ સ્મશાનભઠ્ઠી જે સ્થળે ગોઠવવાની હોય તે સ્મશાનગૃહનું પુરું સરનામું:----------

૩. ગામના સરપંચ/જવાબદાર બે વ્યક્તિના નામ અને મોબાઈલ નં. ---------------

૪. લાભાર્થી ફાળા પેટે રૂ.૧૦૦૦/-નો ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના નામનો, ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ. નં.-------------- તા.-------------

૫. સ્મશાનભઠ્ઠીની સારસંભાળ અને જાળવણીની ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકાની રહેશે. તે અંગેનો બાંયધરી પત્ર અરજી સાથે સામેલ કરવો

GEDA

**નિયામકશ્રી,**
**ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ( જેડા )**
**ક્લાઇમેટ ચેન્જ વિભાગ), ગુજરાત સરકાર(**
**બ્લોકનં–૧૧ :૧૨, ઉદ્યોગભવન– સેકટર,ચોથો માળ, ૧૧ ૩૮૨૦૧૭ગાંધીનગરઃ ,**
**ફોનઃ૦૭૯-૨૩૨૫૩-૫૭૨૫૧-, ફેકસઃ૦૭૯૫૭૨૫૫,૪૭૦૯૭-૨૩૨-**
ઈ : મેઈલ-**director@geda.org.in,** વેબ સાઇટ : www.geda.gujarat.gov.in